सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૯/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૯/૦૬/૨૦૨૬ | | |
| કેંસલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૨૧ |

---

**મહેરબાન ભરૂચના ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૬૮/૨૦૨૬**

**આંક : – ૬**

**અરજદાર :– જયેશકુમાર દિનેશભાઇ વાઘેલા,**
રહે. મુ.પો. દહેજ, પરા ફળીયું, તા. વાગરા,
જી. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ મુજબ રીવીઝન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી જે.આર.રોહિત
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી. એમ.જી.રાઠોડ

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામના અરજદારે સદરહું ફેરતપાસ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ મુજબ દાખલ કરેલ છે અને તે દ્વારા વગારાના જયુડી. મેજી.ફર્સ્ટ કલાસએ દહેજ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૬૨૬૦૦૧૮/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાના કામે કબજે લેવામાં

આવેલ મારૂપિ સુઝુકી ઇકકો ગાડી નં. જીજે-૧૬-ડીકે-૮૪૯૮ વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવાની અરજી તા. ૦૧–૦૬–૨૦૨૬ ના રોજ નામંજુર કરતો હુકમ કરેલ છે તે હુકમને પડકારેલ છે.

(૨) સદરહું અરજી રીવીઝનર તરફે દાખલ થતા સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલી અને તે નોટીસના આધારે સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે. અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા.

(૩) આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રીની રજુઆત છે કે, નામ. નીચલી કોર્ટે અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો તેમજ મૌખિક રજુઆત ધ્યાને લીધેલ નથી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત ધ્યાને લીધા વગર હુકમ કમરેલ હોય અને ત કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ છે. અરજદારની માલિકીની ઇકકો ગાડી નં. જીજે–૧૬–ડીકે–૮૪૯૮ સદર ગાડીનો ચેચીસ નં. MA3JDT08WPJC35400 છે અને એન્જીન નં. K12NN4136103 છે. સદર ગાડી અરજદારના કબજા ભોગવટાની છે અને તે ગાડીના અરજદાર કાયદેસરના માલીક છે અને આર.સી.બુકમાં પણ અરજદારનુ નામ છે. જે હકીકત ધ્યાને લીધેલ નથી. અરજદાર સદર ગુનાના કામે કોઇ આરોપી નથી કે કહેવાતો ગુનો કરેલ નથી કે અરજદાર/આરોપી પાસેથી કહેવાતો કોઇ દેશી દારૂ મળી આવેલ નથી તેમ છતાં પણ ખોટી હકીકતો જણાવી ખોટી રીતે અરજદાર/આરોપીની અટક કરેલ છે. સદર ગુનાના કામની ચાર્જસીટ થયા બાદ ટ્રાયલ કોર્ટમાં ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય નીકળી જાય તેમ હોય અને જો ગાડી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો અરજદાર/આરોપીને નુકશાન થાય તેમ છે. સદર મુદદામાલ ઇકકો ગાડી અરજદાર/આરોપી વેપાર ધંધા માટે ઉપયોગ કરતા હોય અને જો તે લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો અરજદાર/આરોપીને ઘણું મોટુ નુકશાન થાય તેમ છે અને ઇકકો ગાડીને પણ નુકશાન થાય તેમ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, નામ. કોર્ટ અરજદાર/આરોપીની ઇકકો ગાડી છોડશે તો અરજદાર/આરોપી નામ. કોર્ટ

જે કોઇ શરતો લાદશે તો તે પાલન કરવાની તથા નામ. કોર્ટ જયારે પણ કહેશે ત્યારે ઈકકો ગાડી રજુ કરવાની ખાત્રી આપે છે. જે મુદદામાલ ઈકકો ગાડી થી અરજદાર/આરોપીને પરત સોંપવા અરજ ગુજારેલ છે.

(૪) સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, દહેજથી ભુતનાથ મહાદેવ તરફ જવાના રસ્તા ઉપર આ કામના આરોપીઓની ઈકકો ગાડી નં. જીજે–૧૬–ડીકે–૮૪૯૮ને સાઇડમાં ઉભી રખાવી પંચો રૂબરૂ તપાસ કરતા ગાડીનીવચ્ચે સીટના ભાગે પ્રવાહી ભરેલ મીણીયાની થેલીઓ નંગ–૧૦ મળી આવેલ જે એક થેલીમાં પ્લાસ્ટીકના ૨.૫ લીટરના બમ્ફરો બહાર કાઢી ગણી જોતા પ્લાસ્ટીના બંફરો નંગ–૧૦ મળી તમામ મીણીયાની થેલીઓ નંગ–૧૦ માં કુલ બંફરો નંગ–૧૦૦ મળી આવેલ. જે પ્લાસ્ટીકના બંફરોની ગાંઠ ખોલી પંચો રૂબરૂ સુંધી સુંધાડી ખાત્રી કરતા જેમાંથી સખત દેશી દારૂની વાસ આવતી હતી. જેથી સાથેના પંચો રૂબરૂ સદર ઈસમ પાસેથી દેશી દારૂ રાખવા બદલ પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવતા સદર દેશી દારૂના બંફરો નંગ–૧૦૦ લેખે કુલ દેશી દારૂ લીટર ૨૫૦ જે એક લીટર દારૂની કિં.રૂા. ૨૦૦/– લેખે કુલ કિ.રૂા. ૫૦,૦૦૦/– નો દેશી દારૂ સાથે પકડાઈ, ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. જેથી વિ. ટ્રાયલ કોર્ટે ૨૦ લીટર કરતા વધારે દારૂ પકડાયેલ હોય કલમ–૯૮(૨) મુજબ ટ્રાયલ કોર્ટને સદર મુદ્દામાલ વાહન છોડવાની સત્તા ન હોય કાયદેસરનો મુદ્દામાલ અરજી નામંજુર કરતો હુકમ કરેલ હોય, જેથી અરજદારની હાલની રીવીઝન અરજી નામંજુર કરવા રજુઆત કરેલી છે.

(૫) અરજદારની ફેરતપાસ અરજીની વિગત તથા તકરારી હુકમ વિગેરે ધ્યાને લેતાં ફેરતપાસ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું વાગરાના જયુડી. મેજી.ફર્સ્ટ કલાસશ્રીનો તકરારી હુકમ ભુલ ભરેલો અને કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો છે ? અને તે હુકમમાં હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય અંગેના આ કોર્ટના કારણો નીચે મુજબ છે.

**-:: કાર ણો ::-**

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા:**

(૭) જયુડી. મેજિ. કોર્ટના તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજનો અરજદારની મુદ્ધામાલ અરજી નામંજુર કરતો હુકમ વંચાણે લેતા મુદામાલ દારૂ ૨૦ લિટર કરતાં વધુ માત્રામાં કબજે થયેલ હોય પ્રોહીબીશન એકટની કલમ-૯૮(૨) તથા ગુજરાત પ્રોહીબીશન રૂલ્સના રૂલ-૯ મુજબ કબજે કરવામાં આવેલ માદક પદાર્થની માત્રા ૨૦ લિટરથી વધારે હોય તો કોઈપણ વાહન આવા ગુનામાં સંડોવાયેલ હોય તો તેનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી આ મુદામાલ વાહન વચગાળાની કસ્ટડી તરીકે સોંપી શકાય નહીં. તેવું ઓબ્ઝર્વેશન કરી અરજદારની મુદામાલ અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે.

(૮) પક્ષકારો તરફે થયેલ રજુઆતો તથા વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ ધ્યાને લેતા ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૯૮(૨)તથા ગુજરાત પ્રોહીબીશન રૂલ્સ ૨૦૧૨ ના વર્ષ ૨૦૧૯ ના સુધારા મુજબ રૂલ-૯ લક્ષમાં લેવો જરૂરી છે.

Section 98(2) in Gujarat Prohibition Act, 1949-

Any receptacle, package or covering in which any of the articles liable to confiscation under sub-section (1) is found and the other contents of such receptacle, packa તય ge or covering and the animals, carts, vessels or other conveyances used in carrying any such article shall likewise be liable to confiscation by the order of the Court, [but it shall not be released on bond or surety till the final judgment of the Court where the quantity of the seized liquor is exceeding the quantity as may be prescribed by the rules.

ગુજરાત પ્રોહીબીશન રૂલ્સ ૨૦૧૨ ના વર્ષ ૨૦૧૯ ના સુધારા મુજબ રૂલ ૯:-

"Rule 9:- Seizure of vehicles when quantity more than twenty liters:- Where the quantity of liquor sezied is more than twenty liters in respect of any offence punishable under the Act, the Vehicle or coveyance carrying such liquor shall be liable to confiscated in accordance with the provisions of sub section(2) of section 98 of the Act."

૮.૧ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના જયકર બ્રહમભટ્ટ વિ. ગુજરાત રાજ્ય (સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન નં. ૮૫૨૧/૧૭)ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ જો દસ લીટર કે તેથી વધુ દારૂની હેરાફેરીમાં વાહન સંડોવાયેલ હોય તો પ્રોહીબીશન એકટની કલમ-૯૮(૨) ની જોગવાઈઓનો ભંગ થાય છે તેથી વાહન પરત થઈ શકે નહીં.

૮.૨ ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૯ના જાહેરનામાં ક્રમાંક : જીજી/૬૫/૨૦૧૯/વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬/ ઈ-૧ મુજબ ૧૦ લીટરની મર્યાદામાં વધારો કરીને ૨૦ લીટર કરવામાં આવેલ છે. આમ, ૨૦ લીટરથી વધુ માત્રાના દારૂના ગુનાના કેસમાં આખરી નિર્ણય સુધી મુદ્દામાલ અરજદારને વચગાળાની કસ્ટડી પેટે પરત કરવાની અદાલતને સત્તા રહેતી નથી. જેથી વિ. ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ કાયદાકીય ભુલ કે ગેરકાયદેસરતા જણાઈ આવતી નથી.

૯. આમ, ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા પ્રોહીબીશનના ગુનામાં કબજે કરવામાં આવેલ માદક પદાર્થની માત્રા ૨૦ લિટરથી વધારે હોય તો તેવા ગુનામાં સંડોવાયેલ વાહન કેસનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી છોડી શકાશે નહીં તેવી જોગવાઈ છે. વધુમાં હાલના ગુનામાં જોવામાં આવે તો, પોલીસે ૨૦ લિટર કરતાં વધુ દારૂ મુદામાલ તરીકે કબજે કરેલ છે અને સદર મુદામાલ વાહન ગુનામાં સંડોવાયેલ છે. તે સંજોગોમાં જયુડ. મેજિસ્ટ્રેટ કોર્ટનો તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજનો મુદામાલ અરજીનો હુકમ વંચાણે

લેતા તેમાં કોઈ ભુલ, ગેરકાયદેસરતા કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ભંગ થતો નથી.

૧૦. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા વાગરાના જયુડી. મેજિ. કોર્ટે તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ અરજદારની મુદામાલ અરજી નામંજુર કરતો જે હુકમ કરેલ છે તે હુકમમાં કોઈ પણ જાતનો હસ્તક્ષેપ કરવા પાત્ર નથી અને કાયદાની જોગવાઈ મુજબ નીચેની અદાલત દવારા યોગ્ય હુકમ કરવામાં આવેલ હોય તો તેમાં કોઈ હસ્તક્ષેપ થઈ શકે નહી. જેથી મુદ્દા નંબર : ૧ નકારમાં ઠરાવી મુદ્દા નંબર : ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ ::–**

૧. અરજદારની હાલની ક્રિમીનલ રીવીઝન અરજી નં. ૬૮/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

૨. વગારાના જયુડી. મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ દવારા દહેજ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૬૨૬૦૦૧૮/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ–૬૫(એ), ૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાના કામે અરજદારની માલીકીની ઈકકો ગાડી નં. જીજે–૧૬–ડીકે–૮૪૯૮ સદર ગાડીનો ચેચીસ નં. MA3JDT08WPJC35400 છે અને એન્જીન નં. K12NN4136103 પોલીસે કબજે લીધેલ તેને વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા માટેની અરજી નામંજુર કરતો તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩.. ઉપરોકત હુકમ અંગેની સબંધીત કોર્ટને યાદી કરવી.

આ હુકમ આજ **તા. ૧૦ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(વી.બી.રાજપુત)**
ચોથા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૬૯૨)**

બી.ડી.દવે